સાપ્તાહિક

# ક્રાઈમ કિંગ

CRIME KING (weekly)

EDITOR : NIKITA R. SAXENA

(MO) 98796 16556

E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392

PRINTED MATTER

To,

✶ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 12 * Issue No.03 * Date : 02-05-2025 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-


# ટ્રમ્પ શાસનમાં USનો GDP ગ્રોથ ઘટીને ૦.૩%, મંદીના ભણકારા



વોશિંગ્ટન,

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછીના પ્રથમ ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ)માં જીડીપી ગ્રોથ ઘટીને ૦.૩ ટકા થઈ ગયો હતો, જે ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨.૪ ટકા હતો. છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રથમવાર યુએસ જીડીપી ગ્રોથ ઘટ્યો છે. વળી, ટ્રમ્પે ટેરિફ જાહેર કર્યા તેને કારણે આગામી દિવસોમાં અમેરિકામાં મંદીની સંભાવના પણ અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે. માર્ચ ક્વાર્ટરમાં અમેરિકાની આયાત નોંધપાત્ર વધી હતી કારણ કે ટ્રમ્પના રેસિપ્રોકલ ટેરિફનો અમલ થાય તે પહેલાં આયાતકારોએ મોટાપાયે ખરીદી કરવા માંડી હતી. આયાતને કારણે જીડીપી ગ્રોથ પર ૦.૫૦ ટકા અસર થઈ હતી. કન્ઝ્યુમર સ્પેન્ડિંગ પણ નોંધપાત્ર ઘટ્યું હતું.દરમિયાન અમેરિકાની કંપનીઓએ આકરા ટેરિફને પગલે ચીનમાંથી આયાતના ઓર્ડર રદ કરવાનું શરૂ કરી દીધું છે. ઘણી કંપનીઓએ વિસ્તરણ પણ અટકાવી દીધું છે. ટ્રમ્પે ચીન સિવાયના દેશો પર પણ ટેરિફ જાહેર કરીને ૯૦ દિવસ સુધી અમલ મોકૂફ રાખતા અનિશ્ચિતતા વધી ગઈ છે. ટેરિફને કારણે અમેરિકાનાં અર્થતંત્ર પર વ્યાપક અસર થશે તેવું અર્થશાસ્ત્રીઓ માને છે અને તેમણે મંદીની સંભાવના વધારી દીધી છે. અમેરિકાના સૌથી મોટા ટ્રેડ પાર્ટનર ચીન પર જ તેમણે ૧૪૫ ટકા ટેરિફ ઝીંક્યા છે. ચીને પણ અમેરિકા પર વળતા ૧૨૫ ટકા ટેરિફ લાગુ કર્યા છે. ટેરિફને કારણે અમેરિકાના ગ્રોથ પર કેવી અસર થશે તેવા સવાલના જવાબમાં બોસ્ટન કોલેજના ઈકોનોમિસ્ટ બ્રાયન જેટલો ગ્રોથ છે તે બધો જ ધોવાઈ જશે. લોસ એન્જેલસ પોર્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જિન સેરોકાએ ગત સપ્તાહે કહ્યું હતું કે બે સપ્તાહમાં જ ચીનમાંથી અમેરિકામાં આયાત થતી વસ્તુઓમાં ૩૫ ટકા જેવો ઘટાડો બે સપ્તાહમાં જ જોવા મળશે કારણ કે ચીનના અગ્રણી રિટેલર્સ અને મેન્યુફેક્ચરર્સ તરફથી અમેરિકા ખાતે તમામ શિપમેન્ટ અટકી ગયા છે. એશિયાના દેશોમાંથી થતી નિકાસ પણ નરમ પડી છે. ચીનથી અમેરિકા ખાતે નિકાસ માટેના કન્ટેનરનું બુકિંગ ૬૦ ટકા ઘટી ગયું હોવાનું સેન ફ્રાન્સિસ્કોની કાર્ગો કંપનીએ કહ્યું છે. એપોલો ગ્લોબલ મેનેજમેન્ટના ચીફ ઈકોનોમિસ્ટ ટોર્સ્ટેન સ્લોકે કહ્યું છે કે જો ટ્રમ્પના ટેરિફ તેમના કહ્યા મુજબ યથાવત્ રહેશે તો અમેરિકામાં મંદીમાં સરકી જવાના ૯૦ ટકા ચાન્સ છે. આરએસએમ કન્સલ્ટન્સીના ઈકોનોમિસ્ટે ૧૨ મહિનામાં જ યુએસ મંદીમાં સરકી જવાના ૫૫ ટકા ચાન્સ હોવાનું કહ્યું છે.

## ‘એક રાજ્ય, એક ગ્રામીણ બેંક’ યોજના આજથી લાગુ

નવી દિલ્હી,

દેશભરમાં આજથી ‘એક રાજ્ય, એક ગ્રામીણ બેંક’ યોજના લાગુ કરી દેવાઈ છે. નાણા મંત્રાલયે આજે (૧ મે) કહ્યું છે કે, ‘આજથી દેશભરમાં આ યોજના લાગુ કરી દેવાઈ છે.

અગાઉ ૭૦૦ જિલ્લામાં કાર્યરત ૪૩ આરઆરબી ઘટીને ૨૮ થશે. યોજના અંતર્ગત ૧૧ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોની ૨૬ પ્રાદેશિક ગ્રામીણ બેંકોને રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એકલ આરઆરબીમાં મર્જર કરી દેવાયું છે.

નાણાકીય સેવા વિભાગે (ડીએફએસ) કહ્યું કે, ‘મર્જર બાદ ઈઈમ્ બેંકોની સંખ્યા ૪૩થી ઘટીને ૨૮ થઈ ગઈ છે. આમ કરવાથી આરઆરબીના નાણાંકીય વ્યવહાર તેમજ પ્રદર્શનમાં સુધારો થશે. ડીએફએસએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, ‘હવે કુલ ૨૮ પ્રાદેશિક ગ્રામીણ બેંકો હશે, જેમની ૭૦૦ જિલ્લામાં ૨૨૦૦૦થી વધુ શાખાઓ હશે.’ બધી સંસ્થાઓની અધિકૃત મૂડી ૨,૦૦૦ કરોડ રૂપિયા હશે.

આંધ્રપ્રદેશમાં ચૈતન્ય ગોદાવરી ગ્રામીણ બેંક, આંધ્ર પ્રગતિ ગ્રામીણ બેંક અને અન્ય RRBનું વિલીનીકરણ કરીને આંધ્રપ્રદેશ ગ્રામીણ બેંક બનાવવામાં આવશે.

## નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆત સાથે જ કેન્દ્ર સરકારની તિજોરી છલકાઈ

નવી દિલ્હી,

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆત સાથે જ કેન્દ્ર સરકારની તિજોરી છલકાઈ છે. **GST** કલેક્શન આ વર્ષે એપ્રિલમાં રૂ. ૨.૩૭ લાખ કરોડની રેકોર્ડ બ્રેક સપાટીએ નોંધાયુ છે. જે વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકાનો ઉછાળો દર્શાવે છે.

સરકારી આંકડાઓ અનુસાર, એપ્રિલ, ૨૦૨૫માં રૂ. ૨.૩૭ લાખ કરોડનું ઓલટાઈમ હાઈ જીએસટી કલેક્શન નોંધાયુ છે. જે ગતવર્ષે સમાન ગાળામાં રૂ. ૨.૧૦ લાખ કરોડ હતું. જ્યારે માર્ચ, ૨૦૨૫માં રૂ. ૧.૯૬ લાખ કરોડ નોંધાયુ હતું.

જુલાઈ, ૨૦૧૭માં અમલી બનેલા જીએસટીથી સરકારની આવક ધીમા ધોરણે સતત વધી છે. અગાઉ એપ્રિલ ,૨૦૨૪માં રેકોર્ડ રૂ. ૨.૧૦ લાખ કરોડનો જીએસટી નોંધાયો હતો.

આ વર્ષે એપ્રિલમાં રિફંડ બાદ નેટ જીએસટી કલેક્શન ૯.૧ ટકા વધી એપ્રિલમાં રૂ. ૨.૦૯ લાખ કરોડ નોંધાયુ હતું.

રાજ્યવાર જીએસટી કલેક્શનને ધ્યાનમાં લઈએ તો લક્ષદ્વીપમાં સૌથી વધુ ૨૮૭ ટકાનો ગ્રોથ નોંધાયો છે. જ્યારે ગુજરાતમાં પણ ડબલ ડિજિટ ગ્રોથ નોંધાયો હતો. ગતમહિને માર્ચમાં ગુજરાતમાં રૂ. ૧૨૦૯૫ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયુ હતું. જે એપ્રિલમાં ૧૩ ટકા વધી રૂ. ૧૪૯૭૦ કરોડ નોંધાયુ છે.

નોંધનીય છે, મિઝોરમમાં સૌથી ઓછો ૨૮ ટકા ગ્રોથ જોવા મળ્યો હતો. ભારતમાં વિવિધ ગુડ્સ અને સર્વિસિઝ પર ચાર સ્લેબમાં જીએસટી વસૂલાય છે. જેમાં ૫ ટકા જીએસટી, ૧૨ ટકા જીએસટી, ૧૮ ટકા જીએસટી અને ૨૮ ટકા જીએસટી સામેલ છે.

દેશમાં જુલાઈ, ૨૦૧૭માં જીએસટી લાગુ થયા બાદ જીએસટી કાઉન્સિલ દ્વારા વિવિધ પ્રોડક્ટ્સ પર જીએસટી રેટમાં ઘણીવાર સંશોધન કરવામાં આવ્યા છે.

## તંત્રી લેખ

# દેશહિત પર પક્ષહિત

પહેલગામમાં બર્બર આતંકી હુમલા પર બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકના થોડા દિવસ બાદ જ રાજકીય પક્ષો પર દેશહિતના સ્થાને કઈ રીતે પક્ષીય હિતો હાવી થઈ ગયાં, તેનો નમૂનો કોંગ્રેસ દ્વારા એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં વડાપ્રધાનને ગાયબ ગણાવતાં તેમને માથા વગર દેખાડવાથી મળ્યો છે. આવી પોસ્ટ ત્યારે આવી જ્યારે વડાપ્રધાન તો દિલ્હીમાં જ છે, તેઓ ખરા ટાણે 'બેંગકોક' કે 'વિયેતનામ' વેકેશન માટે નથી ઉપડી ગયા! આશ્ચર્ય નહીં કે ભાજપે તરત જ આ પોસ્ટનો જવાબ આપ્યો કે આ તો 'સર તન સે જુદા'વાળી માનસિકતા દર્શાવતી પોસ્ટ છે. શું એનાથી મોટી કોઈ વિટંબણા હોઈ શકે કે દેશ-દુનિયાને ધ્રુજાવનારા આતંકી હુમલાના એક અઠવાડિયાની અંદર આપણા રાજકીય પક્ષો એકબીજાની નિમ્ન ટિપ્પણીઓનો જવાબ આપવામાં પોતાનો સમય ગુમાવવા લાગ્યા છે. આવું કરવાથી તેઓ દેશના શત્રુઓને એ જ સંદેશ આપી રહ્યા છે કે સંકટ સમયે ભારતનો રાજકીય વર્ગ એકજુટ નથી. તેઓ સુરક્ષા દળો અને સાથે જ સામાન્ય નાગરિકોને શો સંદેશ આપી રહ્યા છે? પ્રશ્ન એ પણ છે કે આ ક્લેશથી આંતરરાષ્ટ્રીય સમુદાયને શો સંદેશ જઈ રહ્યો હશે? તેની અવગણના ન કરવામાં આવે કે રાજકીય માહોલમાં નકારાત્મકતા પેદા કરનારી એ પોસ્ટ પહેલાં વિપક્ષ અને વિશેષ રૂપે કોંગ્રેસના કેટલાય નેતાઓનાં એવાં વાહિયાત નિવેદન આવી ગયાં, જેમાં કોઈ કહી રહ્યું હતું કે પાકિસ્તાન સાથે યુદ્ધની શી જરૂર, કોઈ પૂછી રહ્યું હતું કે આતંકીઓ પાસે એટલો સમય ક્યાં હતો કે તેઓ લોકોને તેમનો મજહબ પૂછીને મારતા? જો આ બધું સામાન્ય અને સહજ છે તો પછી સર્વપક્ષીય બેઠકમાં બનેલી સહમતિ કઈ વાતે હતી? એ સારું થયું કે આખરે કોંગ્રેસને ભાન આવ્યું અને તેણે વાંધાજનક પોસ્ટ દૂર કરી દેવી પડી, પરંતુ શું હવે નુક્સાનની ભરપાઈ થઈ શકશે? કોંગ્રેસ દ્વારા પહેલગામ હુમલા પર સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માંગ પહેલાં જ જે પ્રકારે સરકાર વિરુદ્ધ મોરચો ખોલી દેવામાં આવ્યો તેને જોતાં શંકા છે કે એવું કોઈ આયોજન સંભવ થઈ શકશે અને તેમાં દેશ-દુનિયાને સાચો સંદેશ જઈ શકશે. અંદેશો એ જ છે કે સંસદમાં પણ તૂતૂ-મૈંમૈં થશે, કારણ કે ત્યાં સાંસદો ગમે તે બોલી નાખવા માટે સ્વતંત્ર હશે. તેઓ ત્યાં પણ દેશ હિતને બદલે પક્ષય હિતને પહેલી પ્રાથમિકતા આપે તો આશ્ચર્ય નહીં. ભારત જેવા રાષ્ટ્રને કઠિન સમયમાં પરિપક્વ દેશની જેમ વ્યવહાર કરતાં આવડવું જોઇએ. તેના માટે એ જરૂરી છે કે સૌથી પહેલાં રાજકીય પક્ષો પોતાના આચરણથી ઉદાહરણ રજૂ કરે. તેઓ નહીં કરે તો પછી તેમના સમર્થક કેવી રીતે કરશે? એમાં શંકા નહીં કે પહેલગામ હુમલાને લઈને સતર્કતામાં ચૂક સાથે જોડાયેલા કેટલાય સવાલ છે. આ સવાલો પૂછવામાં વાંધો નહીં, પરંતુ હાલમાં તેમને જરૂરિયાત કરતાં વધારે મહત્ત્વ આપવું જરૂરી છે કે પછી ખતરા સામે એકજુટ થઈને મુકાબલો કરવાને?

# યુદ્ધ ક્યાં શરૂ થશે તે તમે નક્કી કરો, ક્યાં પુરું થશે તે અમે બતાવીશું

ઈસ્લામાબાદ,

પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ઘણો તણાવ જોવા મળ્યો છે. ભારતે પાકિસ્તાન સામે ઘણા કડક પગલાં લીધાં છે. આ દરમિયાન, પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ ભારતને ચેતવણી આપી છે.

પાકિસ્તાનના લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ બુધવારે ભારતને ચેતવણી આપી હતી કે જો ભારત કોઈ હુમલો કરશે તો તેનો કડક અને સમજી-વિચારીને જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું, ×ભારત હુમલાનું સ્થળ નક્કી કરશે, પરંતુ તેનો અંત ક્યાં આવશે તે અમે નક્કી કરીશું.

અહમદ શરીફ ચૌધરીએ ઈસ્લામાબાદમાં નાયબ વડાપ્રધાન અને વિદેશપ્રધાન ઈશાક ડાર સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં આ નિવેદન આપ્યું હતું.

લેફ્ટનન્ટ જનરલ ચૌધરીએ, જે ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR) ના વડા પણ છે, જણાવ્યું હતું કે પાકિસ્તાનની સેના, નૌકાદળ અને વાયુસેના ત્રણેય મોરચે - જમીન, હવા અને સમુદ્ર - જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

તેમણે કહ્યું કે પાકિસ્તાને પૂર્વી અને પશ્ચિમી બંને સરહદો પર દેખરેખ વધારી દીધી છે. તેમણે કહ્યું, ×પાકિસ્તાનની સાર્વભૌમત્વ અને સુરક્ષાના રક્ષણ માટે અમે કોઈપણ હદ સુધી જઈશું. બધા જ બદલો લેવા તૈયાર છે. અમારા દળો સંપૂર્ણપણે સતર્ક અને સતર્ક છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ પહેલગામ આતંકવાદી હુમલા અંગે ભારત દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ફગાવી દીધા છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે ભારતે થોડીવારમાં જ કેવી રીતે નક્કી કરી લીધું કે આ હુમલા પાછળ પાકિસ્તાનનો હાથ છે. તેમણે કહ્યું, ×જે જગ્યાએ હુમલો થયો તે નિયંત્રણ રેખા (LoC) થી લગભગ ૨૩૦ કિલોમીટર દૂર છે. આટલા મુશ્કેલ માર્ગે કોઈ ૧૦ મિનિટમાં ત્યાં કેવી રીતે પહોંચી શકે?×

લેફ્ટનન્ટ જનરલ ચૌધરીએ આરોપ લગાવ્યો કે ભારત સરકાર ચૂંટણી પહેલા મુસ્લિમ વિરોધી વાતાવરણ બનાવવા માટે આતંકવાદ સંબંધિત ઘટનાઓનો ઉપયોગ કરી રહી છે. તેમણે કહ્યું, ×આ કંઈ નવું નથી. ભારત પહેલા પાકિસ્તાન પર આરોપ લગાવે છે, પછી રાજકીય વાર્તા બનાવે છે અને તેનો ઉપયોગ ચૂંટણી જીતવા માટે કરે છે.× તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ભારતીય જેલોમાં બંધ પાકિસ્તાની કેદીઓને નકલી એન્કાઉન્ટરમાં મારી નાખવામાં આવી રહ્યા છે. ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે ઉરીમાં મુહમ્મદ ફારૂકને ઘુસણખોર કહીને મારી નાખવામાં આવ્યો હતો જ્યારે તે નિર્દોષ પાકિસ્તાની નાગરિક હતો.

## ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે આગાહી

# ચાર દિવસ ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી



અમદાવાદ,

ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં ગરમીનો પારો હાઈ જતો જોવા મળી રહ્યો છે. તેવામાં આજે બુધવારે (૩૦ એપ્રિલ, ૨૦૨૫)ના રોજ કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ જિલ્લામાં હીટવેવને લઈને યલો એલર્ટ અને રાજકોટમાં ઑરેન્જ એલર્ટની આગાહી કરાઈ હતી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી નોંધાવાની શક્યતા છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૩ મેથી ૬ મે દરમિયાન રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૩ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠા અને ૪ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, અમરેલી અને ભાવનગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માવઠાની આગાહી કરી છે. જેમાં ૫ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ગીર સોમનાથ અમરેલી અને ભાવનગર જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં મેઘગર્જના સાથે માવઠાની શક્યતા છે. રાજ્યમાં હીટવેવની આગાહી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે ૬ મે, ૨૦૨૫ના રોજ સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

## મુકેશ અંબાણી ફરીવાર ૧૦૦ અબજ ડોલર ક્લબમાં સામેલ

મુંબઈ,

દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં સતત તેજી જોવા મળી રહી છે. છેલ્લા ૩-૪ દિવસોમાં તેના શેરના ભાવમાં ૮ ટકાનો વધારો થયો છે. તેનાથી કંપનીના ચેરમેન મુકેશ અંબાણીની નેટવર્થમાં પણ ઘણો વધારો થયો છે અને ફરી એક વાર તેઓ ૧૦૦ અબજ ડોલરની ક્લબમાં પ્રવેશી ગયા છે. ફોર્બ્સની રિયલ ટાઈમ બિલીયોનેર્સની યાદી અનુસાર મુકેશ અંબાણી નેટવર્થ ૧૦૬.૧ અબજ ડોલરના સ્તરે સ્પર્શી ગઈ છે. પાછલા શુક્રવારે બજાર બંધ થયા પછી તેણે પોતાના ત્રિમાસિક પરિણમો જારી કર્યા હતા. જે અપેક્ષા કરતા વધુ સારા હતા. તેના પછીનાસતત ત્રણ સત્રોમાં રિલાયન્સના શેરમાં વધારો થયો હતો . આ વર્ષે અત્યાર સુધીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૧૪.૭૯%નો વધારો થયો છે. છેલ્લા એક મહિનામાં ૯.૯૮%નો વધારો થયો છે. ગત બુધવારે બપોરે ૨.૪૦ વાગ્યે, તે ૦.૫૭% વધીને રૂ. ૧૪૦૮.૩૫ પર પહોંચી ગયો હતો. આ સાથે, કંપનીનું માર્કેટ કેપ ૧૯ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું હતુ. તેનો ૫૨ સપ્તાહનું ઉચ્ચતમ સ્તર રૂ. ૧,૬૦૮.૯૫ છે જ્યારે સૌથી નીચું સ્તર રૂ. ૧,૧૧૫.૫૫ છે. મુકેશ અંબાણી ભારત તેમજ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ છે. ફોર્બ્સની યાદીમાં મુકેશ અંબાણી પછી ગૌતમ અદાણીનું નામ આવે છે. ગૌતમ અદાણીની સંપત્તિ ઈ૬૧.૮ બિલિયન છે. અન્ય ભારતીય અબજોપતિઓમાં સાવિત્રી જિંદાલ અને તેમનો પરિવાર, શિવ નાદર, દિલીપ સંઘવી અને સાયરસ પૂનાવાલા નો સમાવેશ થાય છે.

# હયાતીની ખરાઈ માટે બેંક કે કચેરીમાં નહીં જવું પડે

અમદાવાદ,

ગુજરાતના પેન્શનરોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. પેન્શનરો અને તેમાં પણ ખાસ કરીને વૃદ્ધ પેન્શનરોને અવર-જવરમાં પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા હયાતી (લાઈફ સર્ટિફિકેટ)ની ખરાઈ માટેની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે. હાલની પ્રક્રિયા મુજબ રાજ્યના પેન્શનરોએ હયાતીની ખરાઈ માટે સંબંધિત કચેરી અથવા બેંકમાં જવું પડે છે. જેમાં વૃદ્ધ પેન્શનરોને શારીરિક અશક્તતાને પરિણામે અનેક મુશ્કેલીઓ અનુભવાતી હોય છે.

રાજય સરકાર દ્વારા આ પ્રક્રિયાને સરળ કરવા માટે હવે હયાતીની ખરાઈની સેવા પેન્શનરોને વિનામૂલ્યે તેમના ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. હયાતીની ખરાઈ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. રાજ્યની પોસ્ટ ઓફિસ/ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક્ર મારફત પેન્શનરોને આ સેવા ઉપલબ્ધ થશે. આ સેવા અંતર્ગત પેન્શનરોના ઘર-આંગણે રૂબરૂ મુલાકાત કરી હયાતીની ખરાઈ સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવશે. આ સેવા પેન્શનરોને મદદ કરવા માટે એક વધારાના વિકલ્પ તરીકે કાર્યરત કરવામાં આવી છે. હાલના હયાતીની ખરાઈના અન્ય વિકલ્પો રાબેતા મુજબ ચાલુ રહેશે.

રાજ્યના પેન્શનરો દ્વારા મળેલી રજૂઆતોને હકારાત્મક વાચા આપતા રાજ્ય સરકાર દ્વારા આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી રાજ્યના આશરે પાંચ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો લાભ મળશે.

સમગ્ર પ્રક્રિયા કેવી રીતે કામ કરશે ?

- પેન્શનરોને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ આપવામાં આવે છે. જેને હવે **IPPB** ની ટીમને સંપર્ક કરવાથી અથવા તેમની પોસ્ટ બેંકની ટીમ સામે ચાલીને દરેક પેન્શનર્સના ઘરે જશે. તેમની જોડે ઉપલબ્ધ મોબાઈલ લાઈફ સર્ટિફિકેટના સોફ્ટવેરમાં પી.પી.ઓ. નંબર, આધાર નંબર, બેંક એકાઉન્ટ ડિટેલ , મોબાઈલ નંબર જેવા મહત્ત્વના ડેટા નાંખીને પેન્શનરની બાયોમેટ્રિક લેશે. - જેના પરિણામે ગણતરીની મીનિટમાં જ પેન્શનરોના ડિજિટલ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઈશ્યૂ થઈ જશે. જેની એક ડિજિટલ નકલ પેન્શન ઓફિસમાં પણ પહોંચી જશે. - અન્ય રાજ્યમાં રહેતા અને મૂળ ગુજરાતના પેન્શનરોને પણ આ સેવાનો લાભ મળશે, જેના માટે તેઓને નજીકના પોસ્ટ ઓફિસ કે પોસ્ટમેનને સંપર્ક કરવાનો રહેશે.

# હયાતીની ખરાઈ માટે બેંક કે કચેરીમાં નહીં જવું પડે

અમદાવાદ,

ગુજરાતના પેન્શનરોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. પેન્શનરો અને તેમાં પણ ખાસ કરીને વૃદ્ધ પેન્શનરોને અવર-જવરમાં પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા હયાતી (લાઈફ સર્ટિફિકેટ)ની ખરાઈ માટેની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે. હાલની પ્રક્રિયા મુજબ રાજ્યના પેન્શનરોએ હયાતીની ખરાઈ માટે સંબંધિત કચેરી અથવા બેંકમાં જવું પડે છે. જેમાં વૃદ્ધ પેન્શનરોને શારીરિક અશક્તતાને પરિણામે અનેક મુશ્કેલીઓ અનુભવાતી હોય છે.

રાજ્ય સરકાર દ્વારા આ પ્રક્રિયાને સરળ કરવા માટે હવે હયાતીની ખરાઈની સેવા પેન્શનરોને વિનામૂલ્યે તેમના ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. હયાતીની ખરાઈ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. રાજ્યની પોસ્ટ ઓફિસ/ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક્ર મારફત પેન્શનરોને આ સેવા ઉપલબ્ધ થશે. આ સેવા અંતર્ગત પેન્શનરોના ઘર-આંગણે રૂબરૂ મુલાકાત કરી હયાતીની ખરાઈ સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવશે. આ સેવા પેન્શનરોને મદદ કરવા માટે એક વધારાના વિકલ્પ તરીકે કાર્યરત કરવામાં આવી છે. હાલના હયાતીની ખરાઈના અન્ય વિકલ્પો રાબેતા મુજબ ચાલુ રહેશે.

## રાઉતે જાતિ વસ્તી ગણતરી અંગે કેન્દ્રના નિર્ણયને રાહુલ ગાંધીનો વિજય ગણાવ્યો

મુંબઈ,

જાતિગત વસ્તી ગણતરીને લઈને રાજકીય નિવેદનબાજી ફરી એકવાર તેજ થઈ ગઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા જાતિ વસ્તી ગણતરી અંગે લેવામાં આવેલા તાજેતરના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, શિવસેના (ઉદ્ધવ જૂથ) ના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે રાહુલ ગાંધીની ભૂમિકાને નિર્ણાયક ગણાવી અને કહ્યું કે, સરકાર મોદીની હોઈ શકે છે, પરંતુ હાલમાં સિસ્ટમ રાહુલની ચાલી રહી છે.  રાઉતે કહ્યું કે, રાહુલ ગાંધી છેલ્લા દસ વર્ષથી સતત જાતિગત વસ્તી ગણતરીની માંગ કરી રહ્યા છે, જેની માંગ તેમણે સંસદથી શેરીઓ સુધી ઉઠાવી હતી. તેમણે યાદ અપાવ્યું કે, સંસદમાં રાહુલ ગાંધીના ભાષણોમાં સામાજિક ન્યાય અને પ્રતિનિધિત્વનો મુદ્દો વારંવાર ઉઠાવવામાં આવ્યો છે.

રાજ્યના પેન્શનરો દ્વારા મળેલી રજૂઆતોને હકારાત્મક વાચા આપતા રાજ્ય સરકાર દ્વારા આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી રાજ્યના આશરે પાંચ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો લાભ મળશે.

સમગ્ર પ્રક્રિયા કેવી રીતે કામ કરશે ?

- પેન્શનરોને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ આપવામાં આવે છે. જેને હવે **IPPB** ની ટીમને સંપર્ક કરવાથી અથવા તેમની પોસ્ટ બેંકની ટીમ સામે ચાલીને દરેક પેન્શનર્સના ઘરે જશે. તેમની જોડે ઉપલબ્ધ મોબાઈલ લાઈફ સર્ટિફિકેટના સોફ્ટવેરમાં પી.પી.ઓ. નંબર, આધાર નંબર, બેંક એકાઉન્ટ ડિટેલ , મોબાઈલ નંબર જેવા મહત્ત્વના ડેટા નાંખીને પેન્શનરની બાયોમેટ્રિક લેશે.

- જેના પરિણામે ગણતરીની મીનિટમાં જ પેન્શનરોના ડિજિટલ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઈશ્યૂ થઈ જશે. જેની એક ડિજિટલ નકલ પેન્શન ઓફિસમાં પણ પહોંચી જશે.

- અન્ય રાજ્યમાં રહેતા અને મૂળ ગુજરાતના પેન્શનરોને પણ આ સેવાનો લાભ મળશે, જેના માટે તેઓને નજીકના પોસ્ટ ઓફિસ કે પોસ્ટમેનને સંપર્ક કરવાનો રહેશે.

# અમદાવાદ શહેર ૪૪.૮ ડિગ્રી તાપમાનમાં શેકાયું

અમદાવાદ,

રાજ્યમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. આકરો ઉનાળો મે મહિનામાં તપી રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, હજુ પણ આગામી બે દિવસ સુધી ગરમી વધશે. મંગળવારે અમદાવાદમા ગરમીનો પારો ૪૪.૮ ડિગ્રીને પાર પહોંચ્યો હતો, જ્યારે રાજકોટ પણ ૪૪.૯ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર તરીકે નોંધાયુ હતુ. હાલમાં દક્ષિણ-પશ્ચિમમાંથી પવન ફૂંકાવવાના કારણે ૩ દિવસ તાપમાનનો પારો સતત ઉંચો જઈ શકે છે. મહત્તમ તાપમાન ૪૦ થી ૪૪ ડિગ્રી રહેવાની શક્યતાઓ છે. રાજ્યમાં ગરમીનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે, આગામી દિવસોમાં તાપમાનનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, અમદાવાદ સહિત રાજ્યના અન્ય શહેરોમાં પણ હજુ આભમાંથી અગનવર્ષા વરસશે. આગામી બે દિવસ સુધી અંગ દઝાડતી ગરમી પડવાની આગાહી છે. તાજા અપડેટમાં ગઈકાલે એટલે કે મંગળવારે ૪૪.૮ સાથે અમદાવાદ સૌથી ગરમ શહેર બન્યુ હતુ, છેલ્લા ૧૦ વર્ષનો અમદાવાદનો સૌથી હૉટેસ્ટ દિવસ ૨૯ એપ્રિલે ૪૪.૮ ડિગ્રી સાથે નોંધાયો હતો. આ ઉપરાંત રાજ્યમાં ૪૪.૯ ડિગ્રી સાથે રાજકોટ પણ હૉટેસ્ટ સિટી બન્યુ હતુ. અમરેલીમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચ્યો જ્યારે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ અને રાજકોટમાં હીટવેવની આગાહી હજુ પણ યથાવત છે.  ગુજરાતમાં હવે ધીમે ધીમે તાપમાનનો પારો ઉચકાઈ રહ્યો છે.ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. જ્યારે ૩૨ ડિગ્રીથી લઈને ૪૫.૬ ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગના આંકડા અનુસાર ભુજમાં ૪૧, નલિયામાં ૩૫, કંડલા (બંદર) માં ૩૬, કંડલા (એરપોર્ટ) માં ૪૫.૬ ડિગ્રી, અમરેલીમાં ૪૧, ભાવનગરમાં ૩૨, દ્વારકામાં ૩૩, ઓખામાં ૩૩, સુરેન્દ્રનગર ૪૨, મહુવામાં ૩૫, ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૪૦, વડોદરામાં ૩૯, સુરતમાં ૩૬ અને દમણમાં ૩૪ ડિગ્રી નોંધાઈ છે. આ ઉપરાંત હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૪ કલાક બાદ મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સુધીનો વધારો થશે. આમ આગામી દિવસોમાં હજુ પણ લોકોએ ગરમી સહન કરવી પડશે.

# પહેલગામ હુમલા મુદ્દે અમેરિકા ગુસ્સે ભરાયું

વોશિંગ્ટન,

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા અંગે અમેરિકા ખુલ્લેઆમ ભારતનું સમર્થન કરવા માટે બહાર આવ્યું છે. તેમણે પાકિસ્તાનને આ જઘન્ય હુમલાની તપાસમાં સંપૂર્ણ સહયોગ આપવા ભારપૂર્વક માંગ કરી છે. મોડી રાત્રે, અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે અલગ-અલગ વાતચીતમાં આતંકવાદ સામે અમેરિકાની સ્પષ્ટ નીતિ સ્પષ્ટ કરવામાં આવી હતી.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ આ મુશ્કેલ સમયમાં ભારતને અમેરિકાનો નજીકનો ભાગીદાર ગણાવ્યો અને આતંકવાદ સામેની લડાઈમાં બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સહયોગને વધુ મજબૂત બનાવવાની ખાતરી આપી. ઉપરાંત, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે ઉભું છે. પાકિસ્તાન સાથેની વાતચીતમાં, રુબિયોએ ખૂબ જ કડક સ્વરમાં કહ્યું.

કે હુમલાની નિષ્પક્ષ તપાસ કરવી અને ગુનેગારોને સજા આપવી તે પાકિસ્તાનની જવાબદારી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથેની વાતચીતમાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાને પહેલગામ હુમલાની તપાસમાં સહયોગ કરવો જોઈએ.

# પહેલગામ હુમલા બાદ દાહોદમાં ચેકિંગ ચાર પાકિસ્તાની મહિલાઓ ઓળખાઈ

દાહોદ,

ધરતીના સ્વર્ગ ગણાતા જમ્મુ કાશ્મીરના પહેલગામમમાં થયેલા આતંકવાદી હુમલા બાદ દેશભરમાં રોષ ફેલાયેલો છે. રાજ્ય સરકાર દ્વારા પાકિસ્તાની નાગરિકોને તેમના વતન પરત મોકલવા માટે અભિયાન ચલાવવામાં આવ્યું છે. સાથે સાથે બાંગ્લાદેશીઓને પણ ક્રોસ ચેક કરી તેમને પણ તેમના વતન ડિપાર્ટ કરવાની તજવીજ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. ત્યારે દાહોદ જિલ્લામાં એ.સો.જી તેમજ એલ.સી.બી દ્વારા પાકિસ્તાનીઓ તેમજ બાંગ્લાદેશીઓને શોધવા માટે જુદા-જુદા એકમો તેમજ વિસ્તારોમાં ચેકીગ આ ધરવામાં આવ્યું છે.ત્યારે સરકારી ચોપડે નોંધાયેલા ચાર પાકિસ્તાની નાગરિકોની પોલીસ દ્વારા મુલાકાત કરી તને ડોક્યુમેન્ટ વેરીફાઈ કરી ગૃહ વિભાગમાં રિપોર્ટ કરવામાં આવ્યો છે. એસઓજી એલસીબી પોલીસે દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી 40 થી વધુ નાગરિકોને ક્રોસ વેરીફાઈ કરવામાં આવ્યા છે. જેમાં એક પણ બાંગ્લાદેશી મળી આવ્યું નથી. દરમિયાન પર પ્રાંતીઓને ભાડે મકાન આપ્યા બાદ પોલીસને જાણ ન કરતા જાહેરનામા ભંગની ફરિયાદ નોંધવામાં આવી છે.દાહોદ જિલ્લામાં ચાર પાકિસ્તાની નાગરિકો સરકારી ચોપડે નોંધાયેલા છે. ઉપરોક્ત પાકિસ્તાની નાગરિકો મહિલાઓ હોવાનું સામે આવ્યું છે. તેઓ લોંગ ટર્મ વિઝા લઈ ભારત આવ્યા છે અને પરણેલા હોવાનું સામે આવ્યું છે. જેમાં ત્રણ મહિલાઓ પીપલોદમાં જ્યારે એક મહિલા દાહોદમાં વસવાટ કરી રહી છે.પોલીસે ચારેય પાકિસ્તાની મહિલાઓની મુલાકાત લઈ તમે ડોક્યુમેન્ટ વેરીફાઈ કરી તેનો રિપોર્ટ વિભાગમાં મોકલી દીધા છે. હવે ગૃહ વિભાગમાંથી પોલીસી નક્કી થયા બાદ આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એસ.ઓ.જી, એલસીબી પોલીસે ડ્રાઈવ દરમિયાન દેવગઢ બારીયા, દાહોદ, ઝાલોદ, લીમખેડા, લીમડી, સીંગવડ વિસ્તારમાં વસવાટ કરતા તેમજ બેકરી, દાળ મિલ તથા અન્ય એકમોમાં કામ કરતા 40 થી વધુ નાગરિકોને બાંગ્લાદેશી હોવાની શંકાએ ક્રોસ વેરીફીકેશન કર્યો હતો. પરંતુ તેઓ પશ્ચિમ બંગાળના નીકળ્યા હતા. પોલીસે તેમના આધારકાર્ડ પણ ક્રોસ વેરિફિકેશન કર્યા હતા. આ ઉપરાંત ઉપરોક્ત પરપ્રાંતીઓને મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરવા બદલ 11 જેટલા મકાન માલિકો વિરુદ્ધ એસ.ઓ.જી પોલીસે જાહેરનામા ભંગના ગુના દાખલ કર્યા છે.

# જૈન મુનિ અરવિંદસાગર મહારાજે બનાવ્યું ૧૦૦ વર્ષનું પંચાંગ

મહેસાણા,

એક બે વર્ષનું નહિ પણ ૧૦૦ વર્ષનું પંચાંગ. એક વર્ષનું પંચાંગ બનાવવું પણ શાસ્ત્રીઓ માટે મુશ્કેલ હોય છે ત્યારે અહીં તો ૧૦૦ વર્ષનું પંચાંગ બનાવવામાં આવ્યું છે. જૈન સમાજના અરવિંદસાગર સૂરીશ્વરજી એકસાથે ૧૦૦ વર્ષનું પંચાંગ બનાવ્યું છે. આગામી ૧૦૦ વર્ષના તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ સહિત પાંચ અંગોની સૂક્ષ્મ-પ્રત્યક્ષ માહિતી પંચાંગ ગણિત- શાસ્ત્રાર્થ સાથે રજૂ કરવામાં આવી મહેસાણાના સીમંધર સ્વામી તીર્થનીમાં રાષ્ટ્રસંત પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી સીમંધર સ્વામી પ્રત્યક્ષ પંચાંગના શતવર્ષીય શાસ્ત્રાર્થ'' ગ્રંથના ચાર ભાગોનું વિમોચન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦૦ વર્ષ સુધીનું પંચાંગ જોઈ શકાશે. દૈનિક જીવનમાં ધાર્મિક અને સામાજિક જીવનમાં શુભકાર્યો માટે યોગ્ય મુહૂર્તો પંચાગ મારફતે જોવામાં આવે છે અને એ પંચાગ બનાવા માટે ખૂબ મહેનત માગી લે છે. તજજ્ઞો દ્વારા મથામણ કરીને એક વર્ષનું પંચાંગ તૈયાર કરવામાં આવે છે. પરંતુ હવે આ શાસ્ત્રાર્થ પંચાંગ દ્વારા શતવર્ષીય એટલે કે ૧૦૦ વર્ષ સુધી પંચાંગ ૪ ભાગ જેમાં, ૨૫ - ૨૫ વર્ષ ના કુલ ચાર ભાગમાં જોઈ શકાશે. જે તારીખની વિગતો જે પેજ અને લાઈનમાં છે. તે જ વિગતો શાસ્ત્રાર્થ પંચાંગમાં પણ દર્શાવવામાં આવી છે. જેથી જરૂરી માહિતી ઘડીના છઠ્ઠા ભાગમાં મેળવી શકાય છે. આ શાસ્ત્રાર્થ પંચાંગમાં દરેક શુભ-અશુભ યોગો, મહાપાતો, ગ્રહ લોપ -દર્શન, ગ્રહણ સહિતની ગણતરી મિનિટ મિનિટના આધારે સરળતાથી સમજાય તે રીતે તૈયાર કરવામાં આવી છે. જેનું આજે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ સહિત આચર્ય પણ જોડાયા હતા આચાર્યદેવ અરવિંદસાગર સૂરીશ્વરજીએ ૨૦૨૦માં દક્ષિણ ભારતના પોંડિચેરીમાં સ્થિરતા દરમિયાન



શ્રી હર્ષદભાઈ રતીલાલ શાહ


શ્રીમતી વર્ષાબેન હર્ષદભાઈ શાહ

સાબર ખાદી ગ્રામોદ્યોગ સંઘ
૪૫/૫૩૨/૧, ચિત્રકુટ એપાર્ટમેન્ટ,
સોલા રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.
स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर
હર્ષદભાઈ આર. શાહ
૯૩૭૭૪૭૯૮૮૩

Ramesh Shah 98254 11380
Deep Shah 96014 44441
079-22170479
079-22164707
94265 16722
hindustan Paper Agency
Dealers in Binding Cloth, Colour Paper, White Paper, Kraft Paper & All Kinds of Packaging Materials
Dev Bhuvan,Siddique's Pole ,Nawa Darwaja Road
Khadia Char Rasta Khadia Ahmedabad-380 001.
(Our Associates:Ramesh Enterprise & Deep Enterprise)
hindustanpapers1976@gmail.com


# સુરતથી વિદ્યાર્થીને લઈને ભાગી ગયેલી શિક્ષિકા ઝડપાઈ

સુરત,

સુરતના પરવટ પાટિયા વિસ્તારમાં રહેતા કરિયાણાના દુકાનદારનો ધો. ૫ માં અભ્યાસ કરતો પુત્ર રમવા ગયા બાદ ભેદી સંજોગોમાં ગુમ થઇ જતા દોડતા થયેલા માતા-પિતાએ શોધખોળ શરૂ કરી તો પુત્રનું તેની ૨૩ વર્ષીય ટ્યુશન ટીચર અપહરણ કર્યાનું જાણવા મળતા મામલો પુણા પોલીસ મથકે પહોંચ્યો હતો. ત્યારે આજે પોલીસે ચાર દિવસ બાદ શિક્ષકા અને વિદ્યાર્થીને ઝડપી પાડ્યા હતા. હાલમાં પોલીસ બંનેને શામળાજી નજીકથી સુરત લાવી રહી છે. પુણા પોલીસના જણાવ્યા પ્રમાણે, શિક્ષિકા વિદ્યાર્થીને લઈને ભાગી ગયા બાદ તેનો મોબાઈલ નંબર રેલવે સ્ટેશન ખાતે બંધ થઈ ગયો હતો. જેથી તેને ટ્રેસ કરવી પોસિબલ ન હતી. આ સાથે જ રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડના સીસીટીવીમાં શિક્ષિકા અને વિદ્યાર્થી દેખાઈ આવ્યાં ન હતાં. જેથી તે પ્રાઈવેટ બસમાં ભાગ્યાં હોવાની આશંકા સાથે વધુ તપાસ કરવામાં આવી હતી. દરમિયાન શિક્ષિકા પાસે અન્ય એક નંબર હોવાની જાણ થઈ હતી. જે નંબર ચાલુ હોવાથી તેને ટ્રેસ કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર શિક્ષિકા ૧૧ વર્ષીય વિદ્યાર્થીને ભગાવી ગયા બાદ તેણે પોતાનો મોબાઈલ નંબર બંધ કરી દીધો હતો. પરંતુ આ દરમિયાન જાણવા મળ્યું હતું કે શિક્ષિકા પાસે અન્ય એક નંબર છે, જે ચાલુ હોવાથી તેને ટ્રેસ કરવામાં આવ્યો હતો. પહેલા સુરતથી અમદાવાદમાં ખાનગી બસમાં પહોંચ્યા હતા ત્યાંથી દિલ્હી ગયા, અને બાદમાં જયપુર ગયા હતા, ત્યાં રોકાવાની ખાસ વ્યવસ્થા ન થતા તેઓ ગુજરાત પરત ફર્યા હતા અને રાજસ્થાન બોર્ડર પાસે રાયગઢથી પકડાઈ ગયા હતા. એકબીજાને પસંદ કરતા હોવાનો શિક્ષિકાનો દાવો પોલીસે વિદ્યાર્થી અને શિક્ષિકાને પકડી પાડી પ્રાથમિક પૂછપરછ શરૂ કરી હતી. આ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે. શિક્ષિકા અને વિદ્યાર્થી છેલ્લા ઘણા સમયથી એકબીજાને ઓળખે છે. વિદ્યાર્થી શિક્ષિકા પાસે ત્રણ વર્ષથી ટ્યૂશન જતો હતો. શિક્ષિકા ઘણા સમયતી ટ્યૂશન કરાવતી હોવાથી શિક્ષિકા અને બાળક વચ્ચે નજીકના સબંધ કેળવાયા હતા અને એકબીજાને પસંદ કરતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પરંતુ તેમની વચ્ચે પ્રેમ સબંધ હતો કે લાગણીનો સબંધ હતો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. પરવટ પાટિયા-મગોબ રોડ સ્થિત એપાર્ટમેન્ટમાં રહેતા અને ઘર નજીક કરિણા સ્ટોર ચલાવતા મૂળ રાજસ્થાનના ૩૨ વર્ષના દુકાનદારના બે સંતાન પૈકી મોટો પુત્ર સ્મિત (નામ બદલ્યું છે, ઉ.વ.૧૧) પરવટ પાટિયા વિસ્તારની એક હિન્દી વિદ્યાલયમાં ધો.૫માં અભ્યાસ કરે છે. સ્મિત સ્કૂલ ટીચર માનસી રજનીકાંત નાઈ (ઉ.વ. ૨૩ રહે. સમર્પણ એપાર્ટમેન્ટ, ગણેશનગર, પરવટ પાટિયા અને મૂળ. કંથાળી ગામ, તા. ઉંઝા, મહેસાણા) ને ત્યાં ટ્યુશન જતો હતો પરંતુ હાલ વેકેશન ચાલે છે. સ્મિત ૨૫ એપ્રિલના રોજ બપોરે રહેલાંક એપાર્ટમેન્ટની નીચે રમવા ગયા બાદ મોડી સાંજ સુધી પરત આવ્યો ન હતો. સ્મિત ભેદી સંજોગોમાં ગુમ થઈ જતા માતાએ પતિ જાણ કરવાની સાથે સ્થાનિક વિસ્તારમાં શોધખોળ કરી હતી. ઉપરાંત સ્મિતની સ્કુલ નજીકના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતા સ્થિત તેની ટ્યુશન ટીચર માનસીનો હાથ પકડીને જતા નજરે પડયો હતો.

ટીચરના ઘરે ગયા હતા. જયાં ટીચરના માતા-પિતાએ માનસી બપોરે બે વાગ્યા પછી ઘરેથી ગયા બાદ પરત આવી નથી અને ફોન પણ બંધ છે એવું જણાવ્યું હતું. જેથી પુણા પોલીસમાં અપહરણને ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કેન્દ્રિત કરી છે. જે અંતર્ગત સ્થિત અને માનસી સુરત રેલવે સ્ટેશન ઉપર નજરે પડયા હતા.

Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009. Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.